## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




અલી... વરસાદ ન આવે તો વાંધો નહીં... બાથરૂમમાં ફુવારા નીચે સેલ્ફી લઈને અપડેટ કરી દેવાનું... ફીલીંગ હેપ્પી....!!!

# શહેરમાં દબાણ તંત્ર કરતા દબાણકારો સવાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ પુરજોશમાં તંત્ર દ્વારા દબાણ ઝુંબેશ ચલાવાઈ રહી છે. આ ઝુંબેશને પગલે દબાણકારોમાં ફફળાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે દબાણતંત્ર કરતા દબાણકારો સવાયા નીકળયા હોય તેવો ઘાટ સર્જાયો છે. ગાંધીનગર શહેરના સેકટર-૧૬ ખાતે વર્ષોથી આવી હતી. પરંતુ દબાણનો જટીલ સમસ્યા દુર કરવા તૈયાર કરવા ફુડકોર્ટના અંતે પણ લારીગલ્લા યથાવત છે. લાખોના ખર્ચે તૈયાર કરાયેલ ઓપનએર થિયેટર હાલ દબાણોથી ઘેરાયેલું છે. હવે દબાણતંત્ર અહીં કયારે ત્રાટકે છે તે જોવું રહ્યું...!

ગાંધીનગર શહેરના નિર્માણ સમયથી ગણ્યાંગાંઠ્યા ખાણીપીણીના

## સે-૧૬ ખાતેનું ખાણીપીણી બજાર યથાવત

ગેરકાયદેસર રીતે દબાણ ઉભુ કરીને લારીઓ વાળા અડીંગો જમાવીને ઉભા છે. આ ખાણીપીણી બજારના દબાણકર્તાઓને હાંકી કાઢવા માટે તાજેતરમાં વનવિભાગ દ્વારા ફેન્સીંગ કરવામાં આવ્યું છે. પરંતુ દબાણકારોએ નવો રસ્તો શોધી કાઢ્યો છે. ઓપનએર થિયેટરની પાસે આવેલા સમાંતર માર્ગપર લારીઓનો અડીંગો ફરીથી ગોઠવાઈ ગયો છે. ઘ-૫ ખાતે અગાઉ ખાણીપીણી બજારના રુપે અસ્તિત્વમાં આવેલા લારી ગલ્લાના દબાણ દુર કરવા તંત્ર દ્વારા લાખોના ખર્ચે ફુડકોર્ટ તૈયાર કરવામાં લારીધારકો શહેરમાં વેપાર કરતા હતા. નગરજનોને એક જ સ્થળ પર પોતાને મનગમતી ખાવાની ચીજવસ્તુ મળી રહે તે માટે તંત્ર દ્વારા જે તે સમયે એક સ્થળ પર ઉભા રહેવા લારી માલિકોને જણાવ્યું હતું. પરંતુ શહેરના વિકાસની સાથે લારી-ગલ્લાધારકોમાં પણ સંખ્યા વધવા પામી હતી. દબાણકારોએ અડીંગો જમાવી રાખતા કામયી ઉકેલ માટે તંત્ર દ્વારા ફુડકોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ લાખો રુપીયાના ખર્ચે તૈયાર કરાયેલ ફુડકોર્ટ ખાલીખમ દેખાય છે. ફુડકોર્ટમાં ગણ્યાંગાંઠ્યા જ વેપારીઓ ધંધો કરે છે. ત્યારે ફુડકોર્ટ બાદ દબાણની સમસ્યા હલ થશે તેવું તંત્રને લાગી રહ્યું હતું પરંતુ ફુડકોર્ટની ફાળવણી થઈ તેના થોડાક લારીઓની સંખ્યામાં વધારો થતા તાજેતરમાં વનવિભાગ દ્વારા ફેન્સીંગ કરી જગ્યા કોર્ડન કરી દેવાઈ છે. પરંતુ દબાણતંત્ર કરતા દબાણકારો કર્યુ છે. જયારે બીજીતરફ ફુડકોર્ટમાં પણ પતરાના શેડ ઉભા કરીને દબાણ ઉભા કર્યાની પણ વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. ત્યારે શહેરમાં



દિવસો બાદ દબાણ ફરીથી ઉભુ થઈ ગયુ છે. જેમાં કેટલાક વેપારીઓની ફુડકોર્ટમાં દુકાન પણ છે અને દબાણ સ્થળે લારીઓ પણ છે. આ દબાણમાં સવાયા નીકળયા તેવો ઘાટ સર્જાયો છે. ફુડકોર્ટની બાજુમાં તંત્ર દ્વારા તૈયાર કરાયેલા માર્ગ પર લારી-ગ્લાલધારકોએ દબાણ ફરીથી ઉભુ જોરશોરથી ચાલી રહેલી દબાણ ઝુબેંશ આ વિસ્તારમાં વર્ષોથી અડીંગો જમાવીને બેઠેલા દબાણકારો પર કયારે ત્રાટકશે તે જોવુ રહ્યું..

# ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ૪ સભ્યો ગેરહાજર દેખાયા હતા. જેમાં ૨ મહિલા સદસ્યો અને બે પુરૂષ સદસ્યોનો સમાવેશ થાય છે. આ ચારેય સદસ્યો કોંગ્રેસના છે.

● કલોલ તાલુકામાં તેલિબિયા પાકોનું વાવેતર થાય તે માટે કૃષિ વિભાગ દ્વારા એક ખેડૂત શિબિરનું આયોજન કરાયું હતું.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી રચના બાદ આજની ખાસ સામાન્ય સભા પાનસરની પેટા ચૂંટણીમાં વિજયી બની પ્રવેશ મેળવનાર શ્રીમતિ રેખાબેન હિતેન્દ્રભાઈ પટેલ તરફથી સભ્યોને પેંડા ખવડાવી મોં મીઠુ કરાવ્યુ હતુ.

● આજની ખાસ સામાન્ય સભામાં માણસાના ધારાસભ્ય અમીત ચૌધરી જ હાજર રહ્યા હતા.

● ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય અશોક પટેલને આંખમાં કંઈક પડ્યુ હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા.

● ગાંધીનગર શહેરમાં બપોરે વરસાદના હળવા ઝાપટાથી લોકોમાં નિરાશા વ્યાપી છે. લોકો મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીનો ઈંતજાર કરી રહ્યા છે.

● ગુણવત્તાસભર શિક્ષણ માટે શિક્ષકોની ચાલી રહેલી તાલિમને લઈ શાળાઓમાં શિક્ષકોની ગેરહાજરીથી બાળકોના ભણતર પર અસર થઈ રહી છે.

● જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં આજે પાંચ જ પ્રશ્નો રજુ થયા હતા અને તેનો સકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો છે.

● ગાંધીનગર શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જતાં મેડીકલના વિદ્યાર્થીઓ, તબીબો, કોલેજના વિદ્યાર્થીઓ અને રહીશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. જ્યોતિ ગ્રામ યોજના માત્ર કાગળ પર જ હોવાનું લોકો આક્રોશપૂર્ણ કહી રહ્યા છે.

# કલોલ નગરપાલિકામાં મહિલા કાઉન્સિલરના પતિએ દવા ગટગટાવી

### દલીતોનું કામ નથી કરતા તેમ કહી ચીફ ઓફિસર અને પ્રાંત ઓફિસરની સામે જ પગલું ભર્યું : કાઉન્સિલના પતિ સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના કલોલ નગરપાલિકા વોર્ડ નં. ૧૧ના મહિલા કાઉન્સિલરના પતિ દિપક બાબુભાઈ મકવાણાએ આજે નગરપાલિકામાં જ અધિકારીઓની સામે જ ઝેરી દવા પી લેતાં ચકચાર મચી જવા પામી હતી. નગરપાલિકામાં આવીને કાઉન્સિલરના પતિ દિપકભાઈ મકવાણો, 'અમારા દલિતોનું કામ જ કરતા નથી' એમ કહી ખિસ્સામાંથી કોઈ દવાની બોટલ કાઢી ચીફ ઓફિસર અને પ્રાંત ઓફિસર સહિત રાજકીય આગેવાનોની હાજરીમાં દવા પી લીધી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ઉહાપોહ મચી જવા પામ્યો હતો. તાત્કાલિક તેમને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે પણ આ ઘટનાની ઊંડી તપાસ શરૂ કરી છે.



ભેજવાળા વરસાદી વાતાવરણમાં ક્યારેક અસહ્ય બફારો અનુભવાય છે. જમીનની નીચે રહેતા સરીસૃપ વર્ગના જીવો બફારાથી ત્રસ્ત થઈ બહાર નીકળી આવે છે. તાજેતરમાં જ પેથાપુરથી દસ ફૂટ લાંબો સાપ પકડાતા તેને જોવા ગ્રામજનોના ટોળા જામ્યા હતા.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં વૃક્ષારોપણ કરાયું

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ વૃક્ષોને શાળાના મેદાનમાં આચાર્યશ્રી, વિદ્યાર્થીઓ, શાળા પરિવાર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. જતનની પણ જવાબદારી સ્વીકારી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## દીનદયાળ મોજણી સંસ્થા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સમગ્ર રાજ્યમાં ૬૭માં વન મહોત્સવની ઉજવણી ચાલી રહી છે. તેના ભાગરૂપે ગાંધીનગર ખાતે આવેલી દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટ સંસ્થાના (દીસરા) કેમ્પસમાં સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક નલિન ઠાકરના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયો. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં દીસરા તેમજ સેટલમેન્ટ કમિશનરની કચેરીના અધિકારીઓ-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વૃક્ષારોપણ કર્યુ હતુ.

## પત્રકારત્વમાં શ્રેષ્ઠતા બદલ રાષ્ટ્રીય એવોર્ડ અપાશે

પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ૧૬મી નવેમ્બરને રાષ્ટ્રીય પ્રેસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પી.સી.આઈ. એક વૈધાનિક સ્વાયત્ત સંસ્થા છે. જેની સ્થાપના પ્રેસની સ્વતંત્રતા તેમજ તેના ઉચ્ચત્તમ ધારા-ધોરણો જાળવી રાખવા માટે સંસદીય અધિનિયમ મારફત કરવામાં આવી છે. આ વર્ષે પી.સી.આઈ. તેની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે. અંતર્ગત ૧૬ નવેમ્બર-૧૬ના રોજ નવી દિલ્હી ખાતે ગોલ્ડન જ્યુબિલી સ્મારક સમારંભ યોજવાનું આયોજન વિચારાધીન છે.

વિવિધ મુદ્રિત પત્રકારત્વના વિવિધ ક્ષેત્રોના પત્રકારો, ફોટોગ્રાફર્સ, ફ્રીલાન્સ વગેરેને પત્રકારત્વ ક્ષેત્રમાં તેમની શ્રેષ્ઠતા બદલ રાષ્ટ્રીય એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે. આ એવોર્ડમાં એન્ટ્રી માટે ઈચ્છુક પત્રકારોને આમંત્રિત કરવામાં આવ્યા છે. વેબસાઈટ www. press council.nic.in પર નોટિસ સહિતના અન્યજરૂરી દસ્તાવેજો પોસ્ટ કરવામાં આવ્યા છે.

# ચ માર્ગ પર સીએનજી ગેસ સંચાલિત વાન સળગી ઉઠી

### વાનચાલક સમયસર ગાડી ઉભી કરીને ઉતરી જતા જાનહાની ટળી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સે-૧૦ ખાતે સ્થિત મેરીટાઈમ બોર્ડ પાસે આવેલી બેંકમાંથી એસબીઆઈ મુખ્ય શાખા તરફ વાન લઈને જતા પ્રૌઢ ચ-માર્ગ પર પહોંચ્યા ત્યારે અચાનક વાનમાં સ્પાર્ક સાથે આગ ભભુકી ઉઠી હતી. સમયસર પ્રૌઢ વાન ઉભી કરીને બહાર નીકળી જતા જાનહાની ટળી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા ગણતરીની મીનીટોમાં સ્થળ પર પહોંચી જઈ આગ વધુ પ્રસરતા અટકાવી દઈ મોટું નુકશાન થતા પણ અટકાવી દીધું હતું.

ગાંધીનગર શહેરના સે-૩ ખાતે રહેતા એક પ્રૌઢ પોતાની મારૂતિ ઓમની વાન ગાડી લઈને સે-૧૦ મેરીટાઈમ બોર્ડ પાસે સ્થિત એસબીઆઈ બેંકની શાખામાં ગયા હતા ત્યાંથી બપોરના અરસામાં કૃષિ ભવન પાસેથી ચ માર્ગ તરફ જઈ એસબીઆઈ મુખ્ય શાખા ખાતે જઈ રહ્યા હતા તે દરમિયાન ચ માર્ગ પર કૃષિભવન નજીકના માર્ગ પર અચાનક સ્પાર્ક સાથે તેમની વાનમાં આગ ભભુકી ઉઠી હતી. બાજુમાંથી પસાર થઈ રહેલા વાહનચાલકે તેમની વાનમાં એન્જીન તરફથી આગ લાગી હોવાનું ધ્યાન દોરતા પ્રૌઢે વાનને બ્રેક લગાવી દઈ વાનમાંથી તાત્કાલીક ઉતરી ગયા હતા અને ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર ઓફીસર મેહશ મોડ તથા તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ગણતરીની મીનીટોમાં પાણીનો મારો ચલાવી આગને ફેલાતા પહેલા જ ડામી દીધી હતી. સીએનજી સંચાલિત વાનમાં આગ શોર્ટસર્કીટથી લાગી હોવાની શકયતા છે. સદભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી.



## મહિલા કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ઉમા આર્ટસ એને નાથીબા કોમર્સ મહિલા કોલેજ અને એન.એસ.એસ.ના ઉપક્રમે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત ઉત્સાહભેર પ્રિન્સિપાલ ડૉ. અમૃતાબેન તથા વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવભાઈ દ્વારા કરેણ અને જાસૂદના છોડ રોપવાથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ ખુબ ઉંમગથી ચાંદની, મોગરો, જાસૂદ, મધુકામિની, સપ્તપર્ણી વગેરે છોડ રોપ્યા હતા. તથા તેની સાચવણીની સંપૂર્ણ જવાબદારી ખુબ ઉત્સાહથી સ્વીકારી હતી. કોલેજના પ્રાધ્યાપકોએ પણ કાર્યક્રમમાં હાજર રહી વૃક્ષારોપણ કર્યુ હતુ. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પર્યાવરણ જાળવણી માટે પ્રોત્સાહિત કરાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ઓફિસર પ્રા. રાકેશભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સેકટર-૪ના વસાહતીઓ દ્વારા વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા. ૨૮

સેકટર-૪ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત, કાર્યકરો અને રહીશોએ હાજર રહી વિવિધ રોપાઓની વાવણી કરી હતી. આ કાર્યક્રમમાં મુકેશ મારુ, કિરીટ પરેશ, તેજાભાઈ, શાંતિલાલ, રાજુભાઈ, રાજેશ પટેલ, ચંદુભાઈ, વિનોદ મેણાત, મિહિર પટેલ તથા અન્ય કાર્યકરો અને રહીશોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ગાંધીનગરમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાના દર્દીઓથી હૉસ્પિટલ ઉભરાઈ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજયમાં વરસાદની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. વરસાદને કારણે ઘર તેમજ માર્ગોની આસપાસ પાણી ભરાઈ રહે છે. પાણીના ભરાવાને પગલે વાહકજન્ય રોગચાળો માથું ઉંચકે છે. જેમાં ડેન્ગ્યું, મેલેરીયા અને તાવ સહિતની

## છેલ્લા અઠવાડીયામાં કમળાના ૬૩ અને મેલેરીયાના ૧૧ દર્દી નોંધાયા

બિમારીઓ થાય છે. પાણીજન્ય રોગચાળામાં ટાઈફોઈડ અને કમળા જેવી બિમારીઓના નાગરીકો ભોગ બને છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક અઠવાડીયામાં ૧૧ મેલેરીયા અને ૬૩ કમળાના કેસ નોંધાયા છે. જો કે વરસાદી સિઝનમાં વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાને અનુલક્ષી હોસ્પિટલના તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં ઘેર ઘેર બિમારીના ખાટલા છે. આ મૌસમમાં બિમારીના વધુ પડતા કેસને પગલે ખાનગી દવાખાનાઓમાં મોડીરાત સુધી ધમધમે છે. દર્દીઓને લાંબી લાઈનોમાં બેસીને દવા લેવાની ફરજ પડે છે. ત્યારે આ સિઝનમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાના પગલે ડોકટર દ્વારા પણ બહાર ખુલ્લામાં વેચાણ થતો ખોરાક નહી ખાવાનુ દર્દીઓને સુચન કરવામાં આવે છે. છતા નાગરીકો ચટાકેદાર અને ટેસ્ટફુલ લાગતી ખાદ્યચીજો આરોગીને માંદગીને નોતરતા હોય છે.ગરમીથી કંટાળેલા નાગરીકો વરસાદી માહોલમાં ભીંજાવાની મજા લઈ રહ્યા છે.ત્યારે શહેરમાં પાણી અને વાહકજન્ય રોગચાળાએ માથું ઉચકયું હોય તેવું લાગી રહ્યું છે. વરસાદી માહોલમાં વધુ ખતરો મચ્છરોથી નાગરીકોને થાય છે. ચોમાસાની સિઝનમાં ઘર, ઓફીસ, ટાંકી, કુલર, ફ્રીઝ, સહિત માર્ગોપરના ખાબોચીયામાં મચ્છરોનું ઉત્પતિ સ્થાન રહેલું છે. જયારે પીવાના પાણીમાં ચોમાસામાં ગંદુ પાણી ભળતા કમળાની બિમારી નાગરીકોમાં વિશેષ રીતે જોવા મળે છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહમાં તાવ, મેલેરીયા, ટાઈફોઈડ સહિતના કેસોમાં વધારો જોવા મળ્યો છે. તા.૧૮ થી ૨૪ દરમિયાન મેલેરીયાના ૧૧અને કમળાના ૬૩ કેસ પ્રકાશમાં આવ્યા છે. જયારે સામાન્ય તાવ, શરીર તુટવું, માંથુ દુખવું, સહિતના અનેક દર્દીઓ સારવારમાં હોવાથી ગાંધીનગર હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ચોમાસાની સિઝનમાં પાણી તેમજ વાહકજન્ય રોગચાળો માથું ઉચક્યું છે ત્યારે આગામી સમયમાં રોગચાળો વધુ ના વકરે તે માટે તંત્રને સજજ કરી દેવામાં આવ્યું છે. મચ્છરોનો ઉપદ્રવ વધવાની સાથે સાથે તંત્રને પણ પાણી તેમજ વાહકજન્ય રોગચાળો વકરે નહી તેની કામગીરીમાં લગાવી દેવામાં આવ્યું છે.

# દલિત સાહિત્ય અકાદમીએ ઉનાના દલિત અત્યાચારને વખોડી કાઢી

મોઢા સમઢીયાળા, તા. ઉના ખાતે દલિતો પર ગૌરક્ષાના બહાને ગુંડાઓએ આચરેલા અત્યાચારનો ગુજરાતના પ્રતિબદ્ધ આંબેડકરવાદી સાહિત્યકારો સખત વિરોધ કરે છે. આવુ હીણપતભર્યુ કૃત્ય કે જેનામાં માનવતાનો એક છાંટોય બચ્યો હોય તે કરે નહિ. રાક્ષસી કૃત્યને શરમાવે તેવી ઘટના ગુજરાતની પ્રજા માટે કાળા કલંક તરીકે ઈતિહાસમાં અંકિત થઈ જશે. આઝાદીના ૭૦ વર્ષો પછી પણ દેશની શોષિતો પીડિતો-વંચિતો ખાસ કરીને સાંસ્કૃતિક રીતે કચડાયેલી પ્રજાને આઝાદીના ફળ પ્રાપ્ત થવા દીધા નથી. ડૉ. બાબાસાહેબ આંબેડકરની આર્ષ વાણી યાદ આવે છે. 'સામાજિક આઝાદી વગર રાજકીય આઝાદીનો કોઈ જ અર્થ નથી' દેશને ખંડખંડમાં વિભાજિત કરતી ઉચ્ચાવચતા અને વર્ણવ્યવસ્થાનો પુરેપુરો ખાત્મો બોલાવશે નહિ ત્યાં સુધી સમગ્ર પ્રજાનો જયવારો થવાનો નથી. ગુજરાતના પ્રતિબદ્ધ સાહિત્યકારો ડૉ. બાબા સાહેબની સ્વતંત્રતા-સમાનતા-બંધુત્વની વિચારધારા અનુસાર દલિત સમાજને પડખે છીએ. ગુજરાત દલિત સાહિત્ય અકાદમી અમદાવાદ વતી પ્રવીણ ગઢવી, હરિશ મંગલમ્, મધુકાંત કલ્પિત, અરવિંદ વેગડા, પી.કે. વાલેરા, ડૉ. રતિલાલ રોહિત, ડૉ. કેસર મકવાણા, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. દિનેશ ભદ્રેસરીયા, ડૉ. પથિક પરમાર, ડૉ. ધીરજ વણકર, ડૉ. ગીરીશ રોહિત, ડૉ. અભય પરમાર, વગેરે આ બનાવને સખ્ત શબ્દોમાં વખોડી કાઢેલ છે.

## જાહેર ખબર

નિયામક, દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટ સંસ્થા ગાંધીનગરની કચેરી હસ્તકની નીચેની વિગતે રદબાતલ થયેલ ડીઝલ વાહન 'જેવી છે તેવી' હાલતમાં જાહેર હરાજીથી નિકાલ માટે ભાવપત્રક મેળવવાના છે.

| ક્રમ | વાહનનો નંબર | મોડલ વર્ષ | વાહનની વિગત | તળિયાની કિંમત રૂ. પૈસા | અનામત મુકવાની રકમ રૂ. પૈસા |
|---|---|---|---|---|---|
| ૧ | જીજે.૧.જી.૬૩૨૦ | ૧૯૯૨ | સ્વરાજ મઝદા (ડીઝલ) | રૂ. ૧,૩૫,૦૦૦/- | ૧૩,૫૦૦/- |

ઉપરોક્ત વાહન માટે હરાજી તા. ૨૦/૮/૨૦૧૬ના ૧૪.૦૦ કલાકના રોજ દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટસંસ્થા, સરવે કેમ્પસ, ખ-૫, સેકટર-૧૪, ગાંધીનગરના કંપાઉન્ડમાં રાખેલ છે. અનામતની રકમ રોકડેથી ભાવપત્રક સાથે હરાજીની તારીખે ૧૨.૦૦ કલાક સુધીમાં રજૂ કરવાની રહેશે. હરાજીની શરતો તથા વાહન રજાના દિવસો સિવાય જોવા મળશે.

સહી/- નિયામક
દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટ સંસ્થા
ગાંધીનગર

માહિતી/૧૦૯૮/૧૬-૧૭

## ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રક્ચર લી.

બ્લોક નં. ૧, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
મોબાઈલ : ૯૯૭૮૪ ૪૧૧૪૮, ફેક્સ : ૦૭૯-૨૩૨૨૨૩૯૬
Email : www.gwilcompany1@gmail.com

### શોર્ટ ટેન્ડર નોટીસ

અત્રેની કચેરીના ઉપયોગ માટે ઝેરોક્ષ મશીન ભાડે રાખવાનું હોઈ આ માટે પોતાના માલિકીનું ઝેરોક્ષ મશીન ધરાવતા સ્થાનિક સપ્લાયર્સ પાસેથી આધુનિક વર્ષ ૨૦૧૫-૧૬ મોડેલનું ઝેરોક્ષ મશીન વાર્ષિક કોન્ટ્રાકટથી ભાડેથી મુકવા માટેના ભાવો મંગાવવામાં આવે છે. જે જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૧૦માં ફક્ત આ પ્રકારનું કામ કરેલ હોય તેવી એજન્સીઓ પાસેથી રજી.પો.એ.ડી.થી મળે તે રીતે બે વર્ષ માટે ભાવો માંગવામાં આવે છે.

(૧) એ-૪ સાઈઝ પેપર - ૧ કોપીનો ભાવ (પેપર વગર)
(૨) લીગલ સાઈઝ પેપર - ૧ કોપીનો ભાવ (પેપર વગર)
(૩) એ-૩ સાઈઝ પેપર - ૧ કોપીનો ભાવ (પેપર વગર)

ઝેરોક્ષ માટેના પેપર, લાઈટ તથા ઝેરોક્ષ ઓપરેટર GWIL દ્વારા પુરા પાડવામાં આવશે.
**નોંધ :** જે એજન્સી નક્કી કરવામાં આવશે તેને સીક્યોરીટી ડિપોઝીટ પેટે રૂ. ૨૫,૦૦૦/- (અંકે પચીસ હજાર પુરા) FDR અથવા DD સ્વરૂપમાં GWIL, ગાંધીનગરના નામે જમા કરાવવાની રહેશે અને તે કોન્ટ્રાક્ટ પુરો થયેથી પરત આપવાની રહેશે.

માહિતી/૧૦૮૩/૨૦૧૬-૧૭

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

## બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,

બનાસ ડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર–૩૮૫૦૦૧.
ફોન નં.(૦૨૭૪૨)૨૫૧૦૨૯, ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫
ફેક્સ નં.(૦૨૭૪૨) ૨૫૨૭૨૩

### ફલાય એશના વેચાણ

આથી ફલાય એશ ખરીદતા દરેક ઈસમોને જણાવવાનું કે, તા.૧૫–૮–૧૬ થી તા.૩૧–૩–૧૭ સુધીના સમય માટે બનાસડેરી પાલનપુર ખાતે તેમજ કેટલફીડ પ્લાન્ટ, કાતરવા ખાતે બોઈલરમાંથી નીકળતા ફલાય એશ માલનું વેચાણ કરવાનું હોઈ, રસ ધરાવતી પાટી ઓએ સંઘના હીસાબી શાખામાં ટેન્ડર ફી પેટે રૂા.૧૦૦/– (નોન રીફંડેબલ) ભરી ટેન્ડર મેળવી, ટેન્ડર સાથે રૂા.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફટ સીલબંધ કવરમાં બિડાણ કરી, કવર ઉપર 'ફલાય એશ અંગેના વેચાણ ભાવ' લખી, ભરેલ ટેન્ડર તા.૧૨–૮–૧૬ ના ૧૫–૦૦ કલાક સુધી સંઘમાં રજુ કરવાનું રહેશે.

ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રીને અબાધિત રહેશે.

મેનેજીંગ ડીરેકટર